## વાહન નં. જીજે-૧૮-જી-૫૯૫૯ (ટાટા ઇન્ડિગો) ની હરાજીની વિગતો / શરતો

૧. ટાટા ઇન્ડિગો નં. જીજે-૧૮-જી-૫૯૫૯ ૨૦૧૨ મોડેલ છે. જેની ખરીદીને ૬ વર્ષ પુરા કરેલ છે.

૨. આ વાહનની તળીયાની કિંમત રૂ.૯૦,૦૦૦/- નક્કી કરવામાં આવેલ છે.

૩. આ વાહનની ટેન્ડર કમ હરાજીથી નિકાલ કરવાનો હોય, રૂ.૯૦૦૦/-નો રાષ્ટ્રીયકૃત બેન્કનો ડ્રાફ્ટ/ફીક્સ ડિપોઝિટ રસીદ સાથે તા.૧૮/૦૬/૨૦૧૮ સુધીમાં શ્રી રૂપેશ રાણા, ઉપ સચિવ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, બ્લોક નં.૫/૪થો માળ,નવા સચિવાલય, ગાંધીનગરને મળી જાય તે રીતે સીલબંધ કવરમાં મોકલી આપવાના રહેશે.

૪. નક્કી કરવામાં આવેલ તળીયાની કિંમતા કરતાં ઓછી કિંમતના ભાવપત્રક લક્ષમાં લેવામાં આવશે નહીં.

૫. હરાજીમાં જે પાર્ટીએ ભાવપત્રક રજુ કરેલ હોય અને બાનાની રકમ રૂ.૯૦૦૦/-નો રાષ્ટ્રીયકૃત બેન્કનો ડ્રાફ્ટ/ફીક્સ ડિપોઝિટ રસીદ રજુ કરેલ હશે તે જ ભાગ લઇ શકશે.

૬. જાહેર હરાજીમાં તળીયાની કિંમત અથવા બંધ કવરમાં મળેલ અપર ભાવો પૈકી જે રકમ ઉચી હશે, તે રકમથી બોલીની શરૂઆત કરવામાં આવશે.

૭. વાહનની હરાજી શરૂ થયે દરેક તબક્કે રૂ.૧,૦૦૦/-ના વધારા કરતાં ઓછી બોલી સ્વીકારવામાં આવશે નહીં.

૮. જાહેર હરાજી/અગર ઓફરથી જેના ભાવો સૌથી વધુ હશે, તેઓએ તૂર્ત જ સ્થળ ઉપર ૨૦ ટકા રકમ હરાજીના દિવસે જમા કરાવવાની રહેશે. બાકીની રકમ હરાજી મંજુર થયેથી દિન-૭માં ભરવાની રહેશે. સદર રકમ સમય મર્યાદામાં ભરપાઇ ના થયે બાના સહિત ભરેલ તમામ રકમ જપ્ત કરવામાં આવશે.

૯. હરાજી પુરી થયા બાદ જેનો ભાવ સ્વીકારવામાં આવ્યો હશે તે સિવાયના તમામ પાર્ટીઓએ ડીપોઝીટ રકમ તુરત જ પરત મેળવી લેવાની રહેશે.

૧૦. વાહનની કોઇપણ બોલી સ્વીકારવી કે નહીં તે અંગેની આખરી સત્તા વિભાગની જાહેર હરાજીની કમિટિના સભ્યોની રહેશે. અને તેઓના નિર્ણય સર્વેને બંધનકર્તા રહેશે.

૧૧. જે પાર્ટીની ઓફર સ્વીકારવામાં આવે તે પાર્ટીએ હુકમની તારીખથી દિન-૭માં વાહન જે સ્થિતિમાં હશે, તે જ સ્થિતિમાં જે તે સ્થળેથી તેમના ખર્ચે અને જોખમે લઇ જવાનું રહેશે.

૧૨. વાહનનું નવું રજીસ્ટ્રેશન સંબંધિત પાર્ટીએ કરાવીને તેની નકલ અત્રે રજુ કરવાનું રહેશે.

૧૩. જે પાર્ટીની ઓફર સ્વીકારવામાં આવે તે પાર્ટીએ વેચાણવેરાના નિયમ મુજબ વેચાણવેરાની રકમ અલગથી ભરવાની રહેશે.

૧૪. ટેન્ડર ફીની રકમ પરત આપવામાં આવશે નહીં.

૧૫. વાહનના તળીયાની કિંમત કરતા ઓછા ભાવ ભરનાર પાર્ટીની બાના ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

૧૬. ટેન્ડર સ્વીકારવાની તેમજ ખોલવાની આખરી સત્તા આ માટે નિયુક્ત કરેલ સમિતિની રહેશે.

૧૭. જાહેર હરાજી/અગર ઓફરમાં આવેલ છેવટની બોલી મંજુર કરવી/ના કરવી તે અંગેનો છેવટનો નિર્ણય વિભાગના સચિવશ્રી (ઉદ્યોગ અને ખાણ વિભાગ) રહેશે.

(રૂપેશ રાણા)
ઉપ સચિવ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ

# જાહેર ખબર

(વાહન હરાજીથી વેચવાનું છે.)

ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના વાહન નં.જીજે-૧૮-જી-૫૯૫૯ ટાટા ઇન્ડિગો (ડીઝલ) ને સરકારી મધ્યસ્થ પ્રેસ, સેકટર-૨૯, ગાંધીનગર ખાતે બંધ હાલતમાં રાખવામાં આવેલ છે, તેને તેવી જ હાલતમાં હરાજીથી વેચવાનું છે.

ઉપર્યુકત વાહન ઉપર દર્શાવેલ સ્થળે સરકારી કામકાજના દિવસો દરમ્યાન જોઇ શકાશે, આ વાહનનો તળીયાનો ભાવ રૂ. ૯૦,૦૦૦/- છે. આ અંગેના ભાવપત્રક તા.૧૮/૦૬/૨૦૧૮ સુધીમાં સીલબંધ કવરમાં નીચે જણાવેલ કચેરીને R.P.A.D. થી કવર ઉપર "વાહન વેચાણના ભાવ" એમ દર્શાવી મોકલી આપવાના રહેશે. સીલબંધ કવરો તા.૨૬/૦૬/૨૦૧૮ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે ખોલવામાં આવશે. ભાબપત્રક સ્વીકારવાની સત્તા સક્ષમ અધિકારીની રહેશે. જે પાર્ટીનું ભાવપત્રક સ્વીકારવામાં આવશે, તે પાર્ટીએ વાહનની રકમ તેમજ તે રકમ પર ભરવાપાત્ર વાણિજયક વેરો ભરવાનો રહેશે. અન્ય શરતો http://imd-gujarat.gov.in/ પર જોઇ શકાશે અને રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે.

(રૂપેશ રાણા)
ઉપ સચિવ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ

---

કડમ-૧૦૨૦૧૭-૧૮૬૯-ડ
ગુજરાત સરકાર
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૫/૦૬/૨૦૧૮

પ્રતિ

- સચિવાલયના સર્વે વિભાગો
- કલેકટરશ્રી, કલેકટર કચેરી, ગાંધીનગર
  આ જાહેરાત આપની કચેરી નોટીસ બોર્ડ પર મૂકવા વિનંતીસહ
- મેનેજરશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, સેકટર-૨૯, ગાંધીનગર, પાર્ટીઓને વાહન જોવા યોગ્ય કાર્યવાહી કરવા સારૂં
- સીસ્ટમ મેનેજર, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવા સારૂં

આપનો વિશ્વાસુ,

(રૂપેશ રાણા)
ઉપ સચિવ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ